Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી આત્માનંદ પ્રકાશ



SHRI ATMANAND PRAKASH

## આજીવિકાના પ્રકાર

માણસની આજીવિકા ચલાવવાના ત્રણ પ્રકાર હોઈ શકે છે. (૧) ભીક્ષા (૨) ધંધો યા વ્યવસાય (૩) ચોરી. ભીક્ષા એટલે સમાજની વધારેમાં વધારે સેવા કરી સમાજ પાસેથી કેવળ શરીરયાત્રા ચલાવવા પૂરતું ઓછામાં ઓછું લેવું તે, અને તે પણ ન છૂટકે અને ઉપકાર માનીને. ધંધો એટલે સમાજની કોઈ વિશેષ પ્રકારની સેવા કરવી અને તે માટે યોગ્ય બદલો માગી લેવો તે. ચોરી એટલે સમાજની ઓછામાં ઓછી સેવા કરીને અથવા સેવા કર્યાનો ડોળ કરીને અથવા બિલકુલ સેવા કર્યા વગર અને કયારેક તો સમાજનું પ્રત્યક્ષ નુકશાન કરીને પણ સમાજ પાસેથી વધારેમાં વધારે ભોગવિલાસના સાધનો મેળવવાં તે.

—વિનોબા

પ્રકાશક:-
શ્રી જૈન આત્માનંદ સભા
ભાવનગર

પુસ્તક ૫૭
અંક ૧૨

આસો
સં. ૨૦૧૬

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir


# સં. ૨૦૧૬ વાર્ષિક અનુક્રમણિકા.

## પદ્ય વિભાગ.


| ક્રમાંક | લેખ | લેખક | પૃષ્ઠ |
|---|---|---|---|
| ૧ | નૂતનવર્ષાભિનંદન | મુનિશ્રી લક્ષ્મીસાગરજી | ૧ |
| ૨ | વર્ષારંભે વીરવંદન | શ્રી વીઠ્ઠલદાસ મૂ. શાહ | ૨ |
| ૩ | તાલધ્વજ તીર્થમહિમા | શ્રી અમરચંદ મા. શાહ | ૩ |
| ૪ | ચૈત્યવંદન ચતુર્વિંશતિકા | પં. શ્રી સુશીલવિજયજી ગણી | ૩,૩૫,૪૮,૬૬,૯૭ |
| ૫ | સુભાષિત | અનુ. વી. મૂ. શાહ | ૨૯ |
| ૬ | જરા વિચારી લે | સ્વ. શ્રી પાદરાકર | ૩૦ |
| ૭ | સુભાષિત | ...... | ૪૫,૬૧,૯૭,૧૨૨,૧૦૯ અ |
| ૮ | પ્રભુ ભજન | મુનિશ્રી લક્ષ્મીસાગરજી | ૪૬ |
| ૯ | પ્રભુ નયનામૃતપાન | શ્રી પાદરાકર | ૪૭ |
| ૧૦ | કસ્તૂરી મૃગ | શ્રી બાલચંદ હીરાચંદ | ૪૬ |
| ૧૧ | વૈરાગ્ય પદ | મુનિશ્રી લક્ષ્મીસાગરજી | ૬૨ |
| ૧૨ | જ્ઞાનની પ્યાલી | સ્વ. શ્રી પાદરકર | ૬૩ |
| ૧૩ | શ્રી નવપદજીનું સ્તવન | મુનિશ્રી લક્ષ્મીસાગરજી | ૬૩ |
| ૧૪ | ઝરણુ | શ્રી બાલચંદ હીરાચંદ | ૬૪ |
| ૧૫ | શ્રી મહાવીરજયંતિ ગીત | મુનિશ્રી લક્ષ્મીસાગરજી | ૭૭ |
| ૧૬ | મહાવીર જીવન ગીત | શ્રી ‘ રક્ત તેજ ’ | ૯૦ |
| ૧૭ | શોણિતપુર | શ્રી બાલચંદ હીરાચંદ | ૯૧ |
| ૧૮ | શ્રી વાસુપૂજ્યજિન સ્તવન | શ્રી અમરચંદ મા. શાહ | ૯૩ |
| ૧૯ | ભગવાન શ્રી મહાવીરની વાણીનો મહિમા | મુનિશ્રી લક્ષ્મીસાગરજી | ૯૪ |
| ૨૦ | શ્રી મહાવીર વાણી | ....... | ૧૦૯ |
| ૨૧ | આત્મા ક્યાં છે? | સ્વ. શ્રી પાદરાકર | ૧૧૦ અ |
| ૨૨ | પર્યુષણપર્વ નિમિતે પ્રભુસ્તુતિ | વિ. | ૧૨૫ |
| ૨૩ | મિચ્છામી દુક્કડં | વિ. | ૧૨૫ |
| ૨૪ | પર્વાધિરાજ પર્યુષણપર્વ | મુનિશ્રી લક્ષ્મીસાગરજી | ૧૨૬ |
| ૨૫ | સુભાષિત | ...... | ૧૪૯ |
| ૨૬ | શ્રી ગૌતમસ્વામીનો વિલાપ | મુનિશ્રી લક્ષ્મીસાગરજી | ૧૫૦ |
| ૨૭ | જ્ઞાનપંચમી પર્વ આરાધો | ,, | ૧૫૧ |
| ૨૮ | હરિયાલી | પ્રેષક શ્રી ચંદનમલ નાગોરી | ૧૫૨ |
| ૨૯ | ભોળો બાલભક્ત | શ્રી બાલચંદ હીરાચંદ | ૧૫૨ |


For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir




વર્ષ ૫૭ મું ] આસો તા. ૧૫-૧૦-૬૦ [ અંક ૧૨

# સુભાષિત

अनारम्भो हि कार्याणां प्रथमं बुद्धिलक्षणम् ।
आरब्धस्यान्तगमनं द्वितीयं बुद्धिलक्षणम् ॥

આરંભવું જ ના કાર્ય, પહેલું બુદ્ધિલક્ષણ;
આરંભ્યે આણવો અંત, બીજું એ બુદ્ધિલક્ષણ.

આમ તો આ સાદુંસીધું વિધાન જ છે. તેના સમર્થન માટે બીજી કોઈ વાત સુભાષિતકારે કરી નથી. વ્યવહારની કસોટીએ ચડવા સારુ તે અનામત રાખ્યાં છે. કોઈપણ કામ લીધા પહેલાં તેને વિષે લાંબી-પાંતીનો વિચાર કરી લેવો. તેને વિવેકસરનું તારણ બાંધી લેવું, અને જો તે હાથ લેવા યોગ્ય લાગે તો જ લેવું. નર્મદે ગાયું છેઃ સમજીને તો ડગલું ભરવું', પરંતુ કામ હાથ લીધા પછી, નર્મદ આગળ કહે છે તેમ 'મૂકીને ના બોવું.' પછી તો તેની સિદ્ધિની કામના રાખનારે તેને પૂરું કર્યે જ છૂટકો.

—'કુમાર'

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી ગૌતમસ્વામિનો વિલાપ

રચયિતા : મુનિરાજ શ્રી લક્ષ્મીસાગરજી. જોટાણા

( દુહા )

પ્રભુ વીર પધાર્યા, પાવાપુરી મોજાર;
હસ્તિપાલની જીર્ણસભાએ, અનેક મુનિ પરિવાર—(૧)

પુન્ય પાપ ફળ ઉચ્ચરે, ઉત્તરાધ્યયન રચાય;
અંતકાલે વિપ્ર બોધવા, ઇન્દ્રભૂતિ તો જાય—(૨)

પુન્યરાય સ્વપ્ના કહે, ભસ્મરાશિ સંક્રમાય;
ઇન્દ્ર વિનવે ક્ષણ વિરાજો, વીર કહે એમ નવ થાય—(૩)

( રાગ—આવો આવો દેવ મારા સૂના સૂના દ્વાર )

તારો તારો વીર ! મારી નૈયાના આધાર. મને પાર ઉતારો,
તુમ વિયોગે પ્રભુજી પ્યારા, ગૌતમ કરે પોકાર-મને૦ (૧)

ચોમાસને કર્મ ખપાવી, જ્ઞાન પ્રકાશ બુઝાવો;
જ્ઞાત નંદન[1] શિવ સિધાયા, જગ અંધાર છવાયો-મને૦ (૨)

શીઝલ હલતી કેવળજ્યોતી, આસો અમાસે જાય;
સુરનર શોકે દીપક કરતા, તે દિવાળી સોહાય મને૦ (૩)

રૂમ ઝુમ કરતા દેવવિમાનો, આકાશે જે ગાજે;
વળતા સ્વામી[2] ગણપતિ પૂછે, સુર આવ્યા કોણ કાજે-મને૦ (૪)

ભવિજન તારક સત્ય[3] દયામય કુમતિ ટાલણહાર;
વર્ધમાન વિભુ શિવ સિધાવ્યા, અમે આવ્યા તે વાર-મને૦ (૫)

સાંભળીને મૂર્છા એ પામે, દડ દડ આંસુ વહાવે;
હે પ્રભુ ! હું છેડો ન ઝાલત, શિવ ન સાંકડું થાત-મને૦ (૬)

વીર વીર કહી વિલપે,[4] કોને પૂછું પ્રશ્ન ભદંત્;
કોણ બોલાવે ગુણી ગોયમ, કિણ પાસે રહું સંત-મને૦ (૭)

---

(૧) જ્ઞાતકુળના લાડકવાયા પ્રભુ (૨) ગોતમ સ્વામી (૩) સત્ય ને દયાના અવતાર (૪) વિલાપ કરતા.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



રે નિરાગી ! તવ ભાવ ન જાણ્યો, શ્રુત ઉપયોગ ન આણ્યો;
રાગ રીસના જગથી સર્યું, મન વૈરાગે ધર્યું-મનેο (૮)

નૂતન વર્ષે નવ પ્રભાતે, ગૌતમ કેવળ પાવે;
જગના જીવો હર્ષે મ્હાલે, સુર ઉત્સવમાં આવે-મનેο (૯)

બાર વર્ષે વીર ગૌતમ મળતાં, શાશ્વત સુખમાં લ્હેરે;
શાસન લક્ષ્મીસાગર સોહે, હર્ષધરો વર પ્રેરે-મનેο (૧૦)

# જ્ઞાનપંચમી પર્વ આરાધો !

રચયિતા : **મુનિરાજ શ્રી લક્ષ્મીસાગરજી. માણસા**

[ કાવ્ય ]

( નાગર વેલીઓ રોપાવ—એ રાગ )

જ્ઞાન જ્યોતને પ્રગટાવ, તારા ઉર મંદિરમાં
જિનવાણીને વસાવ, તારા ઉર મંદિરમાં— ટેક

તું લક્ષ ચોરાશી રૂલ્યો, સદ્જ્ઞાનને તું ભુલ્યો
જ્ઞાન દીપક પ્રગટાવ, તારા ઉર મંદિરમાં. (૧)

પંચમી તપ જે આરાધે, આત્મતત્ત્વનું ભાજન થાયે,
પંચમી તપનો પ્રભાવ, તારા ઉર મંદિમાં. (૨)

જીવ-અજીવનો વિચાર, જ્ઞાન વિના નહિ તેનો સાર,
જ્ઞાનપંચમીપર્વ આરાધ, તારા ઉર મંદિરમાં. (૩

જ્ઞાની એકજ શ્વાસોશ્વાસ, કર્મ કઠીનનો કરે નાશ,
સમ્યગ્જ્ઞાનને વસાવ, તારા ઉર મંદિરમાં. (૪)

કર્મ મેલને દૂર કરવા, સદ્જ્ઞાન હૃદયમાં ધરવા,
આનંદ ઉર્મિઓ વર્ષાવ, તારા ઉર મંદિરમાં. (૫)

તપથી નરભવ સફલ ઈચ્છો, મૂકો મિથ્યાજ્ઞાનનો પીછો,
ધાર્મિકજ્ઞાનને વસાવ, તારા ઉર મંદિરમાં. (૬)

જ્ઞાનપંચમીને આરાધી, કંઈક આત્માનું લ્યો સાધી,
સૂરિ અજિતાબ્ધિ કેરા, તારા ઉર મંદિરમાં. (૭

વરદત્ત-ગુણમંજરી પેઠે નર-નાર, પંચમી તપ જે આરાધે,
કહે લક્ષ્મીસાગર, તપથી ઉજમાળ, તારા ઉર મંદિરમાં. (૮

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# હરિયાલી

## શ્રીમદ્ અધ્યાત્મ યોગી આનન્દઘનજી મહારાજ કૃત

પ્રેષક—ચંદનમલ નાગોરી છોટીસાદડી (મેવાડ)

સરસ્વતી સ્વામી કરોરે પસાય, હું રે આઢું રૂડી કુલવહુરે ।
પિયુડો ચાલ્યો છે પરદેશ, ઘરે રહી રૂડું શીયલ પાલીયેરે ।
હીરૂ નીરૂ સાસરડે જાય, નાની તે નનુડી રમે ઢીંગલે રે ।
નરપત–પરપત નિશાલે જાય, નાનો તે પરિયાપત પોઢયો પાલણે રે ।
બારે વર્ષે આવ્યો રે નહિં, છોકરડાને કાજે ટચકડા નવી લાવીઓરે ।
હું તને પુછું શુરલીણીનાર, પીયુ વિણુ છોકરડાં કયાંથી આવીયારે ।
ગોત્રદેવે કર્યો રે પસાય, સાય ગોત્રે ગોત્ર વધારીયારે ।
એટલે ઉઠીને લાગ્યોરે પાય, ધન્ય પનોતી તૂં કુલવહુ રે ॥
એહનો રે અનુભવ લેસ્સેરે જેહ, તે પામે રૂડી શીવવહુ રે ।
આનંદઘન ભણુરે સઝાય, સુણતાં શ્રવણે સુખદીયેરે ॥

❀

# ભોળો બાલભક્ત

(મદિરા છંદ)

બાલભક્ત છે વીરપ્રભુનો લાડકવાયો અતિ ભોળો
બાલતાનથી સ્નેહી થઈને બોલે બહુ મીઠા બોલો
માતા મારો બાલક બહુ વિધ હઠ કરીને કંઈ માગે
તિમ નિજમાં ને પ્રભુવર માંહે અંતર નહીં તસ મન જાગે. ૧

અંગોપાંગ કર્યાં બહુ પેલા ખરડાયો દોષે એહ
છતાં જઈ વળગ્યો પ્રભુ અંગે વિવેક નહીં જાણે જેહ
બોલે પ્રભુ માતા છે મારી મુજ તનુ ધોશે નિજ હાથે
મલિન ભલે હું બાલક એનો કરશે સ્વચ્છ મને પોતે ૨

પુરશે મારા બધા હક એ મુજ ઉપર છે પ્રેમ ઘણો
અણઘડ અજ્ઞાની પણ એનો છોરૂ હું છું તસ જાણો
હોઉ કછોરૂ હું પણ માતા કદી કુમાતા નહીં થાય
મુજ મનનો વિશ્વાસ ઘણો છે પાકો એ કદી નહીં જાય ૩

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



મંત્રતંત્ર વા સ્તવન સ્તોત્ર કાંઇ હું નહીં જાણુ જ્ઞાનીના
પ્રભુ માતા છે જ્ઞાની મારી ભાવ જાણશે અજ્ઞતણા
મુજ રડવાની કરૂણા એને ત્વરિત આવશે બાલતણી
સમજી લેશે દુઃખ માહરૂં આશા પુરશે મુજ મનની ૪

ક્યાંથી લાવુ ચંદન કેશર ધૂપ દીપ નૈવેદ્ય ફળો
અણઘડ બાલક જન્મદરિદ્રી દ્રવ્ય ન જાણું ભાવભલો
પ્રભુમાતા નહીં માગે મુજથી એહ આપશે સહુ કાંઇ
દીનદયાળુ એહ કૃપાળુ આશ પુરશે સહુ જોઈ ૫

જ્ઞાનીજનની પૂજા ભક્તિ બાલક શું જાણે ભાઈ
પ્રભુ માતા મુજ ઘણી દયાળુ મારૂં સહુ લેશે જોઇ
એહ દયા ધન શું ભુખ્યો છે? મારી પૂજા નહીં માગે
સર્વ સ્વાર્પણ પ્રભુચરણોમાં બીજી શું પૂજા ભણે ૬

પ્રભુદરબારતણો હું બાલક કૃપા સહુ મુજપર કરશે
ભાવ જોઇ મારો સહુ દઢતર કર્મ ભવાંતરના હરશે
મુજ વાણીમાં સ્પષ્ટ ન શબ્દો અભણ બોબડો હું અજ્ઞ
પ્રભુ મુજ માતા સુધારશે સહુ દયા દાખવે એ સુજ્ઞ ૭

રડી દાખવીશ મુજ દુઃખોને માતા કરશે મુજ શાંત
ચરણ પ્રભુના નહીં તજીશ હું લીધાવિણ એ ભવઅંત
હડસેલે ના દૂર ફગાવે એ પ્રભુ મુજને નિજ હાથે
ધન્ય ગણીશ આ જન્મ માહરો રહીશ પછી પણ પ્રભુ સાથે ૮

પ્રભુસાથે હું એકરૂપ થઈ તનમયતા અનુભવિશ ખરે
શું કરશે ત્યાં કર્મ માહરા હતબલ ચોરો સર્વ તરે
બાલક-તારક પિતા પ્રભુ જ્યા વિચરે સાથે ભય ન ધરે
આત્મા સાથે પરમાત્માનો મેળ સાધતા સર્વ તરે ૯

પાલ્ય પાલકો દ્વિધા ન રહેશે દ્વૈતભાવ સહુ નષ્ટ થશે
મહ મન્ગલે મંગલ મળતા ચિદાનંદ મુક્તિ વિલસે
પ્રભુવિણુ ન ગમે કોઈ પ્રક્રિયા બાલ ભાવ જો સરલ થશે
બાલેન્દુ આપે છે ખાત્રી મુક્તિવધુ સેહેજે વરશે ૧૦

કવિ—સાહિત્યચંદ્ર બાલચંદ હીરાચંદ માલેગાંમ

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# જ્ઞાનપંચમીની સુંદર આરાધના ભાવો

લેખક :- મુનિરાજ શ્રી લક્ષ્મીસાગરજી મહારાજ

**જ્ઞા**નઆરાધનાનું ‘મહાપર્વ’ ‘જ્ઞાનપંચમી’ પસાર’ થયું. દરવર્ષે ‘આવે’ છે અને જાય છે. મનુષ્ય પણ જન્મે છે. અને મરે છે. લક્ષ્મી પણ આવે છે. અને જાય છે, ઔષધનું પણ તેમજ છે. તો પછી જ્ઞાનપંચમીની વિશિષ્ટતા શી ? જ્ઞાનપંચમીની વરદત્ત–ગુણમંજરીની કથા સાંભળી એટલે બસ ? કે જ્ઞાન પુસ્તકની આગમની વાસક્ષેપાદિથી જ સંતોષ પામવાનો ? કે પૌષધ–પ્રતિક્રમણાદિ ક્રિયા માત્ર કરીનેજ સંતોષ અનુભવવાનો ? કે આથી વધુ કોઈ અનેરી વિશિષ્ટતાથી આરાધનાની કેડી પર ચાલવાનું બાકી રહે છે, જ્ઞાનામૃતનું કોઈ અલૌકિક મંથન કરવાનું છે. કે નહિ ? માત્ર પુસ્તકપૂજા આરાધનાનો ધ્યેય પૂરો પાડશે ? આત્મજાગૃતિ લાવશે ? કે ગ્રંથની અંદર રહેલી આજ્ઞાઓનું તત્ત્વોનું અવલોકન મનન-ચિંતવન માર્ગ ચિંધશે ? બાહ્યપૂજા બહુમાન સૂચક જરૂર છે. ભક્તિ ભાવનાની હર્ષ સૂચક દ્રવ્યપૂજા જરૂર આદરણીય છે. પરંતુ હૃદયમાં ભક્તિ ભાવના હોય તો જ માર્ગદર્શક અને તારક બને. જે સમ્યગ્-જ્ઞાનના અપૂર્વ ખજાનારૂપ આગમ ગ્રંથોની સુગંધિ ચૂર્ણાદિકથી પૂજા કરીએ, તે આગમ ગ્રંથો આજે કઈ હાલતમાં પડયાં છે અને કઈ રીતે તેનો કેવો દુરૂપયોગ થઈ રહ્યો છે, એની અંદર રહેલા અક્ષર દેહમાં સમાએલા તત્ત્વનો કેવો વિકૃત પ્રયોગ છડેચોક થઈ રહ્યો છે, એની સાથે કેવાં ચેડાં રમાઇ રહ્યા છે? એજ આગમ સુધારણાને નામે. વ્યવસ્થિત કરવાને બ્હાને તેનાજ પ્રણેતા મહાપ્રભુ સર્વજ્ઞ ભગવંતો સામે અને પ્રચારક આચાર્ય ભગવંતો સામે કેવા બાલીશ-શાબ્દિક હુમલા થયા છે. અને થાય છે. એ જોવાનું તપાસવાનું કે ધ્યાનમાં લઈ પ્રતિકાર કરી રક્ષણ કરવા કરાવવાનું જરૂરી લાગે છે કે નહિ ? અને જરૂરી લાગતું હોય તો આટલી હદ સુધીના આંખ-મીંચામણા અને ઉપેક્ષાભાવ કેમ ચાલી રહ્યા છે ? અરે એ જ્ઞાનોદ્ધારને નામે તો કોઇ કોઇ વ્યક્તિઓ દ્વારા સંયમ માર્ગની કેટલીક વિશિષ્ટતાઓ પણ કોરે મૂકાતી જાય છે. છ જીવની કાયની રક્ષાને પણ ગૌણ બનાવી દેવાય છે. એમ ખબર નથી કે ભાવી પ્રજાપર એની કેટલી ખોટી અસર થશે. આતો વાતો થઈ બધી જ્ઞાનગ્રન્થો અને ગ્રંથાત્માની રક્ષાની પરંતુ સર્વજ્ઞ ભગવંતોના અજોડ અને અલૌકિજ્ઞાન ખજાનાને પૂર્વાચાર્ય ભગવંતો એ વિકસાવ્યો છે ને વિકસાવ્યો છે. આ અનાદિ અનંત મહાશાસનના પ્રચારકો સમ્યગ્જ્ઞાનના પ્રચારમાં ઉપેક્ષા સેવશે. પ્રમાદ રાખશે તો સમ્યગ્દર્શન અને સમ્યગ્ ચારિત્રનું સ્થાન કયાં રહેશે ? અને રહેશે તો એમાં તાકાત અને પ્રતિભા કેટલી હશે ? દુનિયાભરની સુખ શાંતીનો આધાર સૌ કોઇ હૃદયમાં ધારણ કરો અને યથા શક્તિ **જ્ઞાન–પંચમીની સુંદર આરાધના ભાવો** એ જ મનુષ્ય જીવન સફળ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# ધન્ય મુનિરાજ!

મનસુખલાલ તારાચંદ મહેતા

**કૌશાંબી** નગરીમાં એ વખતે લગ્નની મોસમ ચાલતી. હતી. ઘેર ઘેર લગ્ન હતાં, અને આજે જેમ આમ્રફળની વિવિધ જાતોમાં કેશર કેરી સૌથી શ્રેષ્ઠ ગણાય છે, તેમ તે વખતે મિષ્ટાનનો વિધ.વિધ વાનીઓમાં સિંહકેશર લાડુ બહુ વખણાતા. ભોજનસમારંભમાં સાત વાનાંની સુખડી હોય, પણ તેમાં જો સિંહકેશર લાડુ ન હોય તો તે ભોજન નીરસ ગણાતું.

એ વખતે મહાન તપસ્વી શ્રી **સુવ્રતમુનિ** વિચરતાં વિચરતાં ત્યાં આવી પહોંચ્યા. તેમનામાં તપનું તેજ આગળ તરી આવતું. છૂટા મોઢે તો ભાગ્યેજ ખાવાનું હોય. છઠ્ઠ, અઠ્ઠમના તપથી આગળ વધી હવે તો માસખમણપર માસખમણ કરતા, અને એક મહાન તપસ્વી મુનિરાજ તરીકે તેમનું નામ ચારે તરફ પ્રખ્યાત થઈ ગયું હતું.

જૈન સાધુઓને શાસ્ત્રમાં વિધ વિધ ઉપમાઓ આપવામાં આવી છે. એકજ ઠેકાણેથી ગોચરી ન લેવાનાં કારણે તેમને ભમરા જેવા કહેવામાં આવે છે. કામભોગ રૂપી કાદવમાંથી જ ઉત્પન્ન થયેલાં હોવા છતાં, તેનાથી અલિપ્ત રહેતા હોવાથી તેમને કમલ જેવા પણ કહેવામાં આવે છે. હરણ જેમ પારધિથી ઉદ્વિગ્ન રહે છે, તેમ સંસારરૂપી પારધિના ભયથી જૈન સાધુઓ હંમેશાં ઉદ્વિગ્ન રહે છે, એટલે તેમને મૃગની જેવા પણ કહેવામાં આવે છે. સાપ જેમ એકદૃષ્ટિ હોય છે, તેમ ભિક્ષા માગવા જનાર સાધુની પણ સંયમ તરફ એક દૃષ્ટિ રહે છે, તેમજ સાંપ જેમ દરની આજુબાજુની જમીનને અડકયા વિના અંદર પેસે છે, તેમ સાધુઓ પણ અન્નને સ્વાદ માટે મોમાં મમળાવ્યા વિના ખાય છે, એટલે સાપ જેવા પણ કહેવાય છે. જૈન સાધુ મનનશીલ હોવાથી મુનિ કહેવાય છે, ક્ષમાશીલ અને અક્રોધી હોવાથી ક્ષાન્ત કહેવાય છે, ઈંદ્રિયોનું દમન કરતાં હોવાથી દાન્ત કહેવાય છે, અને હિંસાદિમાંથી નિવૃત્ત થયેલા હોવાથી વિરત પણ કહેવાય છે.

આવા સુવ્રત મુનિરાજ એક દિવસે માસખમણને પારણે ગોચરી અર્થે નીકળી પડયા. પારણું કર્યા પછી બીજા દિવસથી જ પાછી એક માસના ઉપવાસની તપશ્ચર્યા શરૂ થવાની હતી, એટલે મુનિરાજનાં મનમાં એમ કે આહારની કોઈ પૌષ્ટિક વસ્તુ ગોચરીમાં મળે તો ઠીક. છેલ્લા પારણાં વખતે જ ચોસઠ દ્રવ્યયુક્ત કૌશાંબીના સુપ્રસિદ્ધ સિંહકેશર લાડુનો સ્વાદ કર્યો હતો, અને તેની સુગંધ અને સ્વાદ મુનિરાજની દાઢમાં રહી ગયા હતા. એટલે આ વખતે પણ ગોચરીમાં સિંહકેશર લાડુની શોધમાં મુનિરાજ એક ઘેરથી બીજા ઘરે ફરે છે, પણ એ લાડુનો ક્યાંય જોગ ખાતો નથી.

ભક્તજનો મુનિરાજને દૂધ, રાબ, મગ અને વિવિધ હળવી વસ્તુઓ વહોરાવવા મહેનત કરે છે, પણ મુનિરાજ તો 'ખપ નથી,' એમ કહી ત્યાંથી પાછા ચાલી નીકળે છે. ગોચરીમાં પૂરતો અગર બિલકુલ આહાર ન મળે તો તેનો શોક ન કરતાં તેને તપ સમાન ગણીને સહન કરી લેવું એ શાસ્ત્રનું સૂત્ર મુનિરાજ ભૂલી ગયા. પછી તો શરમ છોડીને

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ઘરે ઘરે જઈ સામેથી જ પૂછવા લાગ્યા કે 'સિંહકેશર લાડુનો જોગ છે કે નહીં ?'

**• મનરૂપી ઈન્દ્રની ઈન્દ્રિયોરૂપી રાણીઓમાં રસેન્દ્રિયનું સ્થાન પટરાણી જેવું છે. રસેન્દ્રિયને જ્ઞાની પુરુષોએ રસોની લાલચુ, રોગ માત્રની જન્મભૂમિ અને બીજી તમામ ઇન્દ્રિયોને મારનારી તેમજ તારનારી, યોગારૂઢને પણ બલાત્કારે ખેંચી નીચે ઢસડનારી, તેમજ સૌ કામનાને જન્માવનાર તરીકે વર્ણવી છે.**

મુનિરાજની રસેન્દ્રિયે તેમના સાન અને ભાનને ભૂલાવ્યાં. મધ્યાહ્નકાળ થઈ ગયો, પણ મુનિરાજને કયાંયથી સિંહકેશર લાડુ ન મળ્યો, એટલે શહેરના બધા વિભાગો ફરી વળ્યા. પછી તો 'ધર્મલાભ'ને ભૂલી જઈ ઘરમાં જતાંજ **'સિંહકેશર લાભ'** બોલી પ્રવેશ કરવા લાગ્યા. આ જોઈ લોકોને લાગ્યું કે મુનિરાજનાં મગજની કમાન છટકી ગઈ છે.

સૂર્ય અસ્ત થયો અને રાત્રિનાં અંધારાં પથરાયાં, છતાં મુનિરાજની સિંહકેશર માટેની કૂચ અવિરતપણે ચાલુજ રહી. રાત્રિના દશનો સમય થયો, બાળકો, યુવાનો, અને પ્રૌઢ લોકો તો શયનગૃહમાં જઈ નિદ્રામાં પોઢી ગયા હતા. કોઈ કોઈ ઘરમાં બિચારા વૃદ્ધજનો અર્ધજાગૃત અવસ્થામાં પડી રહ્યાં હતાં. મુનિરાજ એ સમયે એક ભક્તજનનાં ઘરમાં ગયા, અને ભાગ્યયોગે એ ઘરનો મુખ્ય વડીલ એક સુશ્રાવક સૂવાની તૈયારી કરતો હતો, તેની પાસે જઈ 'સિંહકેશર લાડુનો જોગ થઈ શકે તેવું છે ?' કહી ઊભા રહ્યા.

પ્રથમ તો શ્રાવક રાત્રિના આવા વખતે મુનિરાજને આવેલા જોઇ અચંબો પામી ગયો, પણ બીજી જ પળે, એણે તપસ્વી મુનિરાજને ઓળખી લીધા. શ્રાવક શાસ્ત્રોનો જાણકાર અને માનવ સ્વભાવનો પૂરે અભ્યાસી હતો. એને લાગ્યું કે મુનિરાજ આચારપતિત નથી, પણ સંયોગવશાત્ પરિસ્થિતિને ઉન્માદ અને ઘેલછાને કારણે માનવી ઘણી વખત ન કરવાનું કરી બેસે છે, પરંતુ તેને સ્થિર કરવા માટે તેનો તિરસ્કાર ન કરતાં તેની ઘેલછા કે ઉન્માદ દૂર થાય તેવી જાતના યોગ્ય પ્રયત્નો કરવા જોઇએ. માનવસમાજની એ ભારે કરુણતા છે કે તે તનના રોગીઓની જ્યારે પૂરતી કાળજી લે છે, ત્યારે મનના રોગીઓને જેલની ચાર દિવાલો વચ્ચે ધકેલી દે છે. શરીર અને મન વચ્ચે ઘનિષ્ઠ સંબંધ હોવા છતાં માનવજાત આમ કેમ વર્તે છે તે સમજી શકાતું નથી.

શ્રાવક તો મુનિરાજને જોઈ તમામ પરિસ્થિતિ સમજી ગયો, એટલે મુનિરાજને ભાવપૂર્વક વંદન કરી કહ્યું: મુનિરાજ ! સિંહકેશર લાડુ તો તાજાજ આવ્યાં છે. પછી અંદર જઈ સિંહકેશર મોદકથી ભરેલો એક મોટો થાળ લઇ આવ્યો, અને તે જોઇને મુનિરાજના અંગે અંગમાં આનંદ છવાઈ રહ્યો. મુનિરાજે પાત્રા નીચે મૂકયાં, એટલે શ્રાવકે તમામ પાત્રા મોદકોથી ભરી દીધાં.

મુનિરાજ જેવા પાછા ફરે છે કે તરતજ શ્રાવકે હાથ જોડી કહ્યું: આપ જેવા મહાત્માનાં પગલાંથી મારું ઝુંપડું પાવન બન્યું છે. આપના જેવા મહાન તપસ્વીનાં પગલાં મારા ઘરમાં થાય તેને હું મારૂ અહોભાગ્ય માનું છું. જૈન ધર્મ પાળવા છતાં જાત રહી વણિકની, અને વણિકના લોભને થોભ હોયજ નહીં, એતો આપ જાણો છો. આપની રજા હોય તો એક શંકા પૂછું.

મુનિરાજે શ્રાવકને જે બાબતની શંકા હોય તે પૂછવા કહ્યું, એટલે શ્રાવકે કહ્યું:

**यस्य धृतिस्तस्य तपो यस्य**
**तपस्तस्य सुगतिः सुलभा ।**
**येऽधृतिमन्तः पुरुषास्तपोऽपि**
**खलु दुर्लभं तेषाम् ॥**

આ શ્લોકનો અર્થ મને સમજાતો નથી, આપ તે ન સમજાવો ?

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



મુનિરાજે કહ્યું: એનો અર્થ એમ થાય છે. કે જેને ધૃતિ છે, તેનેજ તપ સંભવી શકે છે, અને જેનામાં તપ છે, તેનેજ મોક્ષગતિ સુલભ છે. જેનામાં ધૃતિ નથી, તેનામાં તપ દુર્લભ છે.'

શ્રાવકે બે હાથ જોડી પૂછ્યું. પરન્તુ મુનિરાજ! ધૃતિનો અર્થ શું ?

મુનિરાજ વિચારમાં પડયાં પાત્રોમાં મોદકો પડયાં પછી મુનિરાજનું ધ્યાન ત્યાં કોડિયાની સળગતી દિવેટના પ્રકાશ પર પડયું હતું. તેમને ભાન આવવા લાગ્યું કે રાત્રિનો સમય થઈ ગયો છે. અને પોતે સવારથી જ ગોચરી અર્થે નીકળ્યા છે. ધૃતિનો અર્થ સમજાવતાં મુનિરાજે કહ્યું તો ખરૂં કે ધૃતિ એટલે સ્થિરતા-ધીરજ–ધૈર્ય; પણ તેજ વખતે તેમને પોતાની સાચી પરિસ્થિતિનું પણ જ્ઞાન થયું. મુનિરાજ વિચારવા લાગ્યા કે: 'અહાહા ! હું તપસ્વી મુનિ, પંચમહાવ્રતનો અધિકારી, માસખમણના પારણા અર્થે સિંહકેશર લાડુ જેવી તુચ્છ વસ્તુમાં મનની સ્થિરતા ગૂમાવી બેઠો ! મને તપનો અધિકાર જ કયાં રહ્યો ? જ્યાં સ્થિરતા નથી, જ્યાં ધીરજ નથી, જ્યાં ધૈર્ય નથી, ત્યાં વળી તપ સંભવે જ કેમ ?

મુનિરાજની આંખોથી પશ્ચાત્તાપનાં આંસુની ધારા અસ્ખલિતપણે વહેલા લાગી, અને ગદ્ગદ્ કંઠે શ્રાવકને સંબોધી કહ્યું: 'તત્ત્વજ્ઞ શ્રાવક ! તમે ભલે વણિક કુળમાં જન્મ લીધો, પણ આજે તો તમે મારા ગુરુનું કાર્ય કર્યું છે. વેશની દૃષ્ટિએ હું તમારો ગુરુ, પણ તત્ત્વદૃષ્ટિએ તો તમે જ મારા ગુરુ પતનના ભયંકર માર્ગ પર હું ઘસડાઈ રહ્યો છું, એ ભાન તમે અતિ ડહાપણપૂર્વક મને કરાવ્યું છે.'

મુનિરાજે તો એજ શ્રાવકના ઓરડામાં નિર્દોષ ભૂમિ યાચી, આખી રાત ત્યાંજ કાઉસ્સગ્ગ ધ્યાનમાં ગાળી.

પ્રાતઃકાળે મુનિરાજે નગર બહાર જઇ શુદ્ધભૂમિ શોધી પાત્રામાંથી સિંહકેશર મોદક કાઢી તેનો ચૂરો કરવા માંડયો અને જે કર્મોનો જન્મની આકરી તપશ્ચર્યાથી નાશ ન થઇ શકે તે કર્મોનો પશ્ચાત્તાપના પ્રચંડ અગ્નિ વડે નાશ કરી નાખ્યો.

એક બાજુ સિંહકેશર મોદકના ચૂરેચૂરા થઈ ગયા અને બીજી બાજુ મુનિરાજના ઘાતીકર્મોના પણ ચૂરે ચૂરા થઈ ગયા, અને ત્યાંજ તેમને કેવળજ્ઞાન પ્રાપ્ત થયું.

**આવા મુનિરાજને ધન્ય છે!**
**આવા શ્રાવકને પણ ધન્ય છે!**

જૈન સાહિત્ય શિક્ષણ પત્રિકામાંથી સાભાર ઉદ્ધૃત.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# એનું નામ તે શ્રાવક

अस्तीह भद्रेश्वरनामधेयं
पुरं वरं कच्छकृतैकशोभम् ।
* सर्वानन्दसूरिः जगडूचरित २.१ ॥

કચ્છમાં ભદ્રેશ્વર નામે સુન્દર નગર હતું.

नक्तंदिवं दैवतमन्दिरेषु
घंटारवात् अतिरमण्ग चासीत् ॥ २.६ ॥

ત્યાં દેવાલયમાં દિવસ ને રાત ઘંટાનાદ થાય તેથી કળીકાળને પેટમાં દુખતું.

महेश्वरस्यैकजयाय कामः
चकार रूपाणी सहस्रशोपि ।
यत्राद्भुताकारविशेषभाजां
दंभेन रंगत्तरुणव्रजानाम् ॥ २६ ॥

ત્યાંના તરુણ એવા હૃષ્ટપુષ્ટ ને રૂપાળા હતા કે જાણે શિવજીને હાર ખવરાવવા સારુ કામદેવે બહુરૂપ ન ધારણ કર્યાં હોય.

निशासु सौधोपरिसंस्थितानां
मृगीदृशां यत्र च चारुगानम् ।
आकर्णयन्तं स्वमृगं सुधांशुः
याताय कृच्छात् त्वरयांबभूव ॥ २.८ ॥

ત્યાંની કિન્નારકંઠી તરુણીઓ અજવાળી રાતે મધ જેવા મીઠા રાસડા લેતી, તે સાંભળવા ચન્દ્રમાનો મૃગલો પૃથ્વી ઉપર ચાલ્યો આવે, અને ચન્દ્રમા એને તેડવા આવે પણ એને કેમે યે પાછા વળવાનું મન ન થાય,

तथा च द्युनदीतीरे
संघजं पंकतां रजः ।
यथात्र मग्नं अर्कादवाः
रथं ऊहुः कथंचन ॥ ६.३८ ॥

ભદ્રેશ્વરમાં શ્રીમાળી વણિક રહેતા હતા, જે કહેતા કે જગદમ્બા શ્રીદેવીના હૈયાના હારથી અમારી ઉત્પત્તિ થઈ છે. તેમાં મુખ્ય જગડૂ [જગદ્–દેવ ?] હતા, જે પરદેશ સાથે વેપાર ખેડીને બહુ ધન કમાણા હતા. એણે મોટા સંઘના સંઘપતિ થઇને શત્રુંજય તથા રૈવતક (ગિરનાર)ની યાત્રા કરી હતી. સંઘપતિના હાથી, ઘોડા તથા રથને લીધે આકાશમાં એટલી રજ ઉડે કે તેથી કરીને સ્વર્ગગાને કાંઠે ગારો ગારો થઈ જાય અને એ ગારામાં સૂર્યનારાયણના રથને એના ઘોડા માંડ માંડ ખેંચી શકે.

मसीतिं कारयामास षीमलीसंज्ञिताम् असौ ।
भद्रेश्वरपुरे म्लेच्छलक्ष्मीकारणतः खलु ॥ ६ ६४ ॥

જગડુજીએ દેવાલય ચણાવ્યાં, એટલું જ નહિ પણ મસીદ્ય ચણાવી, કેમકે જેમ બીજા સૌ તેમ મુસલમાન પણ એના ગ્રાહક હતા.

शतशः कारयामास ग्रामे ग्रामे पुरे पुरे ।
सुधास्वादुजला वापीः जगडूः क्षितिभूषणम् ॥ ६.६५ ॥

ગામે ગામે ને નગરે નગરે એણે અમૃત જેવા મીઠા પાણીની સો સો વાવ કરાવી.

द्वीन्द्राग्निचन्द्रवर्षेषु व्यतीतेष्वथ विक्रमात् ।
दुर्भिक्षं सर्वदेशेषु भावि वर्षत्रयावधि ॥ ६.६८ ॥

સંવત ૧૩૧૨ માં દેવસૂરિ જગડુજીને કહે, 'દેવોના પ્રિય, માણસ આગળ પૈસો હોય તો સમાજની

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



રક્ષા કરવાનો ભાર એણે ઉપાડવો ઘટે. હવે પછી વસમી વેળા આવવાની છેઃ તેમાં જેને સારુ થઇને ભગવાન મહાવીરે સર્વસ્વનો ત્યાગ કર્યો તે સર્વે જીવોની સેવા કરવાનો દુર્લભ અવસર મળે તેમ છે. આ તેરસો બારમું વર્ષ વીતે તે પછી ત્રણ વર્ષનો દુષ્કાળ પડશે.

**प्रेष्याखिलेषु देशेषु विदग्धान.त्मपूरूषान् ।**
**सर्वेषामपि धान्यानां त्वं तैः कारय संग्रहम् ॥६.६९॥**

'એટલે તમારા ચતુર વાણોતરોને ઠેકઠેકાણે મોકલીને દેશની કણપીઠોમાં મળે એટલું અનાજ માત્ર વેચાતું લઇને તેનો સંગ્રહ નરો.'

**क्षीरोदवीचिविमलं त्वं अर्जय यशोभरम् ।**
**समग्रजगतीलोकसंजीवननिदानतः ॥ ६ ७० ॥**

'અને દુકાળ આવે એટલે આ ધાન્યભંડાર લોકોને ચરણે ધરો, એને જીવિતદાન આપો તથા ક્ષીરસમુદ્રના તરંગ જેવી ઉજળી કીર્તિ કમાઓ.'

**चक्रमे कणान् दातुं अयं सोलतनूभवः ।**
**दुर्भिक्षपीड्यमानायै जनतायै कृपानिधिः ६.७४॥**

આ પ્રમાણે જગડુજીએ પ્રચંડ કણસંગ્રહ કર્યો, તથા દુકાળ પડયો એટલે દુઃખિયા લોકોને તેનું દાન કરવા માંડયું.

**सप्तात्र कणकौष्टौकःशतानि तव निश्रितम् ।**
**श्रुत्वा मया त्वं आहूतः**
**सांप्रतं कणकाक्षिणा ॥ ६.८४ ॥**

બે વર્ષ પછી ગુજરાતના રાજા વીસલદેવે જગડુજીને પોતાની સભામાં તેડાવ્યા, અને કહે, 'મને અનાજ આપો, કેમ કે મેં સાંભળ્યું છે કે તમારી પાસે હજી અનાજના સાતસો કોઠાર ભર્યા છે''

**ऊचे नाथ न सन्त्यत्र**
**मम स्वापि कणाः खलु ॥ ६.८१ ॥**

જગડુજી કહે, 'મહારાજ, મારી આગળ અનાજની એક કણી પણ નથી.'

**मद्वाक्ये यदि संदेहः कणकाष्ठेषु तेष्वपि ।**
**दृष्टकान्तःस्यसत्ताम्रपत्रवर्णान् विलोकय ॥ ६.८६ ॥**

'જો મારી આ વાત માન્યામાં ન આવે તો કોઠારમાં તામ્રપત્ર પડયાં છે તે જુઓ.'

વીસલદેવે જોયું તો પત્રાં ઉપર આમ લખ્યું હતું.

**जगडूः कल्पयामास रंकार्थं हि कणानमून् ॥६ ८८॥**

'જગડુએ દરિદ્રનારાયણની સેવા અર્થે આ અનાજ દેવાનો સંકલ્પ કર્યો છે '

**तत् मे पापं म्रियन्ते**
**चेत् जनाः दुर्भिक्षपीडिताः ६.८९ ॥**

'એટલે, મહારાજ,' જગડુજી કહે, 'જો દુષ્કાળની પીડાથી કોઇ માણસ મરે તો મને પાપ લાગે.'

**ददौ अष्टसहस्राणि स तस्मै कणमूटकान् ।**
**श्रीमालान्वयकोटीरः त्रिधा वीरत्वमाश्रितः ॥६.९०॥**

એમ કહીને એણે વીસલદેવને ગરીબોને દેવા સારૂ ૮,૦૦૦ મૂડા ધાન્ય આપ્યું,

**द्वादशाभ्यधिकं दानशालाशतम् उदारधीः ।**
**जगडूः सुकृताधारो गज्जीवातुरातनोत् ॥६ १३०॥**

આવી જ રીતે સિન્ધ. ઉજ્જયિની, દિલ્હી, વારાસણી તથા સ્કન્ધિ[લ=?]ના રાજાઓને પણ એણે સહાયતા કરી, અને એકસો બાર દાનશાળા ઉઘાડી.

**स्वर्णदीनारसंयुक्तान्**
**लज्जापिंडान् स कोटिशः ।**
**निशायां अर्पयामास**
**कुलीनाय जनाय च ॥ ६.१३१ ॥**

વળી એણે લાડવામાં સોનૈયા સંતાડીને રાત-વેળાએ, મરે પણ માગે નહિ એવા લોકોને ઘરે તે પહોંચાડયા.

**नवनवतिसहस्रयुतान्**
**नवलक्षान् धान्यमूटकानां सः ।**
**अष्टादश रैकोटीः**
**अर्थिभ्योऽदत्त दुःसमये ॥ ६.१३२ ॥**

આમ એણે ૯,૯૯,૦૦૦ મૂડા અનાજ અને અઢાર કરોડ રૂપિયાનું દુકાળમાં દાન કર્યું.

દેસાઇ વાલજી ગોવિંદજી

---

* આ ગ્રન્થ મને મારા વાંકાનેરનિવાસી સ્વર્ગસ્થ મિત્ર શ્રી પોપટલાલ પુંજાભાઇ શાહ પાસેથી મળ્યો હતો.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# ભય અને જય

(લેખક–સાહિત્યચંદ્ર બાલચંદ હીરાચંદ, માલેગામ)

અનાદિકાળથી જીવની પાછળ ભય એ વળગેલો રોગ છે. એ આપણે સારી પેઠે જાણીએ છીએ. કીડીથી કુંજર સુધી અને બાલકથી વૃદ્ધ માણસ સાથે ભય સંકળાએલો રહે છે. અને એ ભય જ્યાં સુધી પોતાનું જોર કાયમ રાખી શકે છે ત્યાં સુધી કોઈપણ કાર્યમાં જયની આશા રાખી શકાતી નથી. શ્રી કૃષ્ણને એનો જન્મ થવા પહેલાંજ મારી નાખવાની તૈયારી એના મામા કંસરાજાએ કરી રાખેલી હતી. કારણ કૃષ્ણથીજ મને મોત આવવાનું છે એવી ખબર એને મળી ગઈ હતી. એ કૃષ્ણથી ડરતો હતો કારણ એના મનમાં મૃત્યુનો ભય પેશી ગએલો હતો. અને જે મૃત્યુથી ડરે છે એનું મોત નજીક આવતુ હોય છે. કૃષ્ણના અસ્તિત્વને લીધે એ ચિત્તની સ્વસ્થતા ગુમાવી બેઠો હતો. અને રાતમાં ને દિવસમાં કૃષ્ણનાજ પડછાયા એને દેખાતા હતા. એણે ઉંઘ અને ભૂખ ખોઇ દીધેલી હતી. એના રોમેરોમમાં ભય પેશી ગએલો હતો. તેથી એ રાજા છતાં બધુ વૈભવ એની સેવામાં હાજર છતાં એને ઘડી એકનો વિસામો ન હતો. શાંતિ ન હતી. આરામે ન હતો. એવી સ્થિતિમાં એને જયનું સમાધાન અને સુખ શી રીતે મળે? કહેવુ પડશે કે ભય એના માથે ચઢી બેઠુ હતું. એને ભયગંડનો મોટો રોગ થએલો હતો. એ ઉપરથી જણાય છે કે, જ્યાં ભય હોય ત્યાં જય મળવો અશક્ય છે. ભયને અને જયને જન્મજાન વેર છે.

આપણે જ્યારે કોઈ કાર્ય કરવાનો નિશ્ચય કરવા બેસીએ છીએ ત્યારે આપણી સામે ભય અનેક રૂપમાં આવી ઉભુ રહે છે. અનેક જાતના અવરોધો આપણને જણાવા માંડે છે. અને એ કાર્ય કરતા આપણે અટકી જઈએ છીએ. એકાદ ઉપવાસ જેવું વ્રત કરવા ધારીએ ત્યારે આપણાથી ભૂખ શી રીતે વેઠી શકાશે? રાતમાં ભૂખ લાગશે તો આપણી શી અવસ્થા થશે? આપણે તો કોઈ દિવસ ઉપવાસ કરેલો નથી, ત્યારે આ પહેલ વેહેલોજ ઉપવાસ શા આધારે કરી શકીશું? એવી જાતના ભયના વિચારો આપણી નજર સામે ઉભા થાય છે. અને એ રીતે આપણા કાર્યને રોકી રાખે છે. પછી જયની આશા ક્યાંથી રખાય?

એક માણસ માંદો હતો. એના મોટાભાઈએ નોકરને કહ્યું તું અમુક વૈદના ઘેરે જઈ ભાઈ માટે દવા લઇ આવ. એ સાંભળી નોકરે પુછ્યું એ વૈદ ઘેર નહીં હશે તો? ત્યારે મોટાભાઈએ કહ્યું આ વખત તેમનો ઘેરે રેહેવાનો જ છે. માટે જરૂર મળશે. ત્યારે નોકર કહેવા માંડયો, વૈદ બીજા દરદીઓના કામમાં રોકાએલા હશે અને મારી તરફ ધ્યાન જ નહી આપે તો? જવાબમાં ભાઈએ કહ્યું જરા થોભીજજે. ત્યારે નોકર કહે વૈદ પાસે આપણા ભાઈ માટે દવા હશેજ એની શી ખાત્રી? ભાઈ જરા ગુસ્સે થઈ બોલ્યા, તૂં. જા. હું વૈદને મળેલો છું એમની પાસે દવા છે. એ તને આપશે. નોકર બોલ્યો એ વૈદની દવા ભાઈને બરાબર ગુણ આપશે એ પેહેલાથી ખબર પડે તો જ દવા લાવવામાં ફાયદો નહીં તો મારો આંટો વ્યર્થ જાય. ત્યારે એની ખાત્રી કરી લેઇ પછી જ હું દવા લેવા જઉ તો ઠીક પડે. ભાઇએ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ગુસ્સામાં જ કહ્યું રે તારે એ બધી પંચાત કરવાની શી જરૂર છે? ધરે તો અમે કહીએ તે કામ કરવાનું છે. ત્યારે નોકર ધીમે અવાજે બોલ્યો, સાહેબ, આપ કહો છો તે વાત સાચી પણ દવા લાવવા માટે આપે બતાવેલ શીશી નાની નહીં પડે તેની શી ખાત્રી? આ શીશીમાં દવા પુરી નહીં આવે તો ભાઈને ગુણ કેમ પડશે? આ સાંભળી મોટાભાઈએ મીજાજ ખોઈ કહ્યું કે તારે કહ્યું કામ કરવાનું છે. આમ વગર ફોગટની રકઝક કરવાની શી જરૂર છે? જલદી જા અને દવા લાવ. ત્યારે નોકર કરગરી હાથ જોડી બોલ્યો. સાહેબ હું બરાબર જઈ દવા લાવું છું. પણ મને એક શંકા છે કે, દવા લાવતા રસ્તાં કોઈ ગાડી કે જાનવર અગર માણસ સાથે અથડામણ થાય અને શીશી ફુટી જાય ત્યારે મારે શું કરવું? આ નોકર આગળ ભાઈને હાર માનવી પડી. એ દૃષ્ટાંત ઉપરથી આપણે શું સાર તારવી શકીએ?

નોકર દરેક કામમાં શંકા અને ભય બતાવે છે. એવી પરિસ્થિતિમાં જોઈ તો લાભ શી રીતે મેળવી શકાય? એની બધી શંકા અને ભય નિવારણ થતાં સુધી તો કદાચિત્ દરદી મરી પણ જાય અને રડવાનો પ્રસંગ ઉભો થાય. તેના માટે કોઈપણ શુભ કાર્ય કરવુ હોય તો નિર્ભય રીતે ઝંપલાવવુ પડે. અને એમ કરતાં કાંઈ વિઘ્ન ઉપસ્થિત થાય તો તે નિવારણ કરવા માટે સજ્જ રહેવું જોઈએ. જે લોકોના મનમાં ભીતિએ પોતાનો અડ્ડો જમાવી દીધો છે તેવા લોકો કોઈપણ કામનો આરંભ કરતાં જ નથી. કારણ એના મનમાં હંમેશ શંકા અને ભય રહ્યા જ કરે છે. તેને જય મેળવવાની આશા જ મૂકી દેવી પડે. એના માણસો કોઈપણ શુભ-કાર્ય કરવાનું સાહસ ખેડતા જ નથી. પણ **साहसे श्रीः प्रतिवसति** એ ન્યાયે સાહસ કરવાથી જ યશ મળવાનો સંભવ હોય છે. સાહસમાં જ લક્ષ્મી કહો કે યશ અને જય વાસ કરીને રહેલો છે. કેટલાએક લોકો એવા પણ હોય છે કે, આવેશમાં આવી લાંબો વિચાર કર્યા વગર કોઈ શુભ કાર્યનો આરંભ કરી દે છે. પણ તેમાં જરા જેવી અગવડ થાય કે વિઘ્ન આવી ઉભું રહે કે તરત જ તે કાર્યનો ત્યાગ કરી દે છે. તેવા માણસોને જય શી રીતે મળે? કાર્ય ભલે સારૂ હોય પણ આપણે શરૂ કરીશું તો લોકો આપણો જ પીછો લોક પકડશે. કોઈ લોકો આપણો જ દોષ કાઢશે અને આપણે વગોવાઈશું. માટે સારૂ, યોગ્ય અને હિતકારક હોય છતાં બીજો કોઈ એનો આરંભ કરે તો પાછળથી આપણે શરૂ કરીશું, અને કોઈ પૂછશે તો આરંભ કરેલો હશે તેનું નામ બતાવીશું. એથી કોઈ દોષ આવવાનો હોય તો તે બીજાને માથે ઢોળી દેવો ઠીક પડશે. એવા નબળા અને ઢીલા વિચારો કરી શુભ કાર્યને પણ એવા લોકો આરંભ કરતા નથી. પણ જે લોકો પોતાના શુભ વિચારો અને કાર્ય ઉપર દૃઢ અને પાકા હોય છે તેઓ વિઘ્નોના પહાડો ઉભા થાય છતાં જરાપણ ભય રાખતા નથી અને પરિણામો હસતે મોઢે ઝીલવા તૈયાર થાય છે. એવા લોકો જ યશ અને જયના અધિકારી બને છે. માટે જ અમો કહીએ છીએ કે, ભય હોય ત્યાં જય આવી શકે જ નહીં. ભયમાં જય ન રહે. એ તો નિર્ભયતામાં જ આવી વસે.

ભારતદેશમાં સ્વાતંત્ર્ય આવ્યું તે નિર્ભયતાને લીધે જ! જે કોઈ સેનાનાયક નિર્ભય થઈને લડાઈમાં ઝંપલાવે છે તેને જ જય મળે છે અને જે પક્ષ સામા પક્ષનો આડંબર જોઈને ગભરાઈ ભયગ્રસ્ત થઈ જાય છે તેના માથે અપયશનો ટોપલો આવી પડે છે. ઘણી વખત અપયશનું કારણ ભીતિ એજ હોય છે. વેપારના કાર્યમાં પણ જે માણસ ભયરહિત થઈ વિશ્વાસપૂર્વક પગલું ભરે છે તેના ગળામાં યશની માલા સ્વયમેવ આરોપિત થાય છે. માટે જ દરેક કાર્યમાં ભયનો ત્યાગ કરવો જોઈએ.

પ્રભુ મહાવીર ભગવંત પોતાની સાધનાના

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અવસરમાં સંપૂર્ણ ભયરહિત રહ્યા હતા. ગોવાળીઆઓના પ્રસંગમાં પોતાને શારીરિક પીડા થશે, તેથી શરીરને વેદનાઓ ભોગવવી પડશે એનો વિચાર કરતા બેસી પોતાની આત્મવિચારણાને ફેરવી પોતાના શરીરનો બચાવ તેઓ કરી શક્યા હોત. પણ તેમણે ભય ક્યારનો ફગાવી દીધો હતો. ભયની અલ્પ જેવી છટા પણ એમનામાં રહેલી ન હતી. તેઓ કેસરીસિંહની પેઠે નિર્ભય થઈ પોતાની આત્મસાધનામાં સ્થિર થએલા હતા. તેથીજ અંતિમ યશકલગી તેમના આત્માના મુકુટમાં ચડી હતી. ચંડકૌશિક એક દૃષ્ટિવિષ સર્પ છે, મહા ભયંકર છે, પ્રાણ હરણ કર્યા સિવાય એ રહેતો જ નથી. એવી ખબર લોકોએ પહેલાથી આપી હતી. પણ પ્રભુને વિષધરથી ડરવા માટે ભય હતો જ ક્યાં ? તેઓ તો એકાકી કર્મરાજાની ફોજ સામે એકલે હાથે લડવા તૈયાર હતા. અને હસતે મોઢે દરેક ઘા ઝીલવા તૈયાર હતા. તેથીજ કર્મના બધા જ શસ્ત્રો બૂઠા પડી ગયા અને જગતમાં તેઓ જગજ્જેતા અને આત્મદર્શી નિષ્કર્મ થઈ ગયા અને જગદ્વંદ્ય પરમ પુરુષોત્તમ થયા. નિર્ભયતામાં આવી અખુટ શક્તિ સમાએલી હોય છે.

કોઈપણ કામ જોઇ આ કામ મારાથી કેમ થશે ? એ કામ ઉપાડવાનું મારું ગજુ શું ? એવા નિર્માલ્ય વિચારો જે માણસ કરે છે તેની પ્રગતિ રૂંધાય છે. એક પહાડ ઉપર કોઈ ચઢવા વિચાર કરે અને પહાડની ઉંચાઈ જોઈ હીંમત હારી જાય તે માણસ પહાડની ટોંચ ઉપર શી રીતે જઈ શકે ? એ જો ભય છોડી, થોડી હીંમત ધારી પગલા ભરવા માંડે તો થોડી પ્રગતિ તો જરૂર કરી શકે જ. પછી થોડો વિસામો લઈ ફરી આગળ વધવાનો પ્રયત્ન કરે તો તેનો આત્મવિશ્વાસ જરૂર વધે અને મનમાં વધુ હીંમત જાગે અને તેને લીધે ઉપર ઉપર ચઢી જાય અને અંતિમ ટોંચે તે પહોંચી પરમ આનંદ સમાધાન મેળવી શકે. એની સામે યશ આવી ઉભું રહે.

એકડે એક પણ જેને ન આવડે તે માણસ પદવીધર વિદ્વાનના પરિશ્રમ તરફ અને એના અભ્યાસ તરફ જોઇ વિચાર કરે કે આટલા ગ્રંથોનો અભ્યાસ હું શી રીતે કરી શકીશ ? એવો વિચાર કરી હીંમત હારી બેસી રહે તો એ ભણી પંડિત થઈ શકે ? એણે તો એવો વિચાર કરવો જોઇએ કે, એ પદવીધર પંડિત પણ મારા જેવો જ અભણ હતો, અને એણે હીંમત ધારણ કરી, ભય મૂકી અખંડ જ્ઞાનની ઉપાસના કરી તેથીજ એ પંડિત થઈ શક્યો છે. હું પણ જો પ્રયત્ન કરતો રહીશ તો એના જેવા તો શું પણ કદાચિત્ એના કરતા પણ વધુ જ્ઞાની બની શકીશ. મતલબ કે શંકા અને ભય જો દૂર ફેંકી દેવોમાં આવી સતત પ્રયત્ન કરવામાં આવે તો જય મેળવવા માટે જુદો પ્રયત્ન કરવાની જરૂર નથી. આપણા જોવામાં એવા ઘણા દાખલાઓ આવે છે કે જે માણસો પહેલા તદન દરિદ્રી હતા તેવાઓ શ્રીમાનની પંક્તિમાં જઇ બેઠા છે. તેમજ બાલપણમાં જે તદન મંદબુદ્ધિના જડ જેવા જણાતા હતા. તેવાઓ શ્રમસાતત્યથી મોટા પંડિતો બનેલા છે. એ બધી ઘટનાઓમાં જો એવો વિચાર કરીએ કે એતો એના નશીબમાં હતું એટલે બન્યું હશે. પણ પુરૂષાર્થ ટાળવાના એ માયકાંગલા વિચારો છે. નશીબ બનાવવાનું કામ તો આપણો પુરૂષાર્થજ કરતો હોય છે. માટે આપણે ભયરહિતપણે પુરૂષાર્થ ફેરવવો જોઈ એ જેથી યશ કે જય તો આપણો જ છે. ઇત્યલમ્

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# પ્રતિક્રમણ ક્યારે ?

લેખક :—મુનિ ત્રૈલોકયસાગર.

**क्षमा वीरस्य भूषणम्**=ક્ષમા એ વીર પુરુષનું ભૂષણ છે.

આજનું પર્વ દરેકને ક્ષમા આપવાનું છે. માટે જેની સાથે વૈર વિરોધ થયો હોય, તેની પાસે જઈ ક્ષમા આપવી અને પોતાની ભૂલની ક્ષમા માગવી. બહારગામ રહેતા હોય તેને પત્રદ્વારા ક્ષમા આપવી અને પોતાની ભૂલની ક્ષમા માગવી.

એક અંગ્રેજ લેખક લખે છે કે મારૂં હૃદય ઘણું વિશાળ છે. કે જેમાં હું દરેકને સમાવી લઉં છું, પણ દુર્ગણ ભરવા માટે મારા હૃદયમાં એક તસુમાત્ર જગ્યા નથી.

હૃદય વિશાળ કરી વૈરઝેર સમાવવા આ અપૂર્વ દિન મોહનિદ્રામાં સુતેલા આપણને જાગ્રત કરે છે. પરદેશી રાજાએ પોતાને ઝેર આપનાર, પોતાની જ વ્હાલી સ્ત્રી સૂરીકાન્તાને અંતઃકરણથી ક્ષમા આપી. મેતારજ મુનિએ–ચામડાની વાધરી વીંટનાર સોનીને નિમિત્તમાત્ર જાણી, અને ખરા દુશ્મન પોતાના કર્મને ઓળખી, હૃદયથી સોનીને ક્ષમા આપી.

**साधो: प्रकोपितस्यापि मनो नायाति विक्रियि; नहि तापयितुं शक्यं, सागराम्ज्ञा स्तृणोल्कया. ॥**

ઘાસના અગ્નિથી સમુદ્રનું પાણી ગરમ કરવાનું શક્ય નથી, તેમ સાધુના ઉપર ગમે તેટલો કોપ કરો છતાં તેમનું મન ચલાયમાન થતું નથી.

ગજસુકુમારે–માથે માટીની પાળ બાંધી અંદર અંગારા ભરનાર પોતાના સસરા સોમિલને, મોક્ષ-મહેલની પાઘડી બંધાવનાર અનન્ય ઉપકારી જાણી, સાચી ક્ષમાપના આપી.

ભગવાન બુદ્ધના શિષ્ય પૂર્ણ ધર્મનો પ્રચાર કરવા માટે અનાર્ય દેશમાં જવાનો વિચાર કરી બુદ્ધની પાસે અનુજ્ઞા લેવા ગયા.

બુદ્ધ–પૂર્ણ ! ત્યાંની પ્રજા જંગલી છે, અભણ છે, તેથી તને ગાળોનો વરસાદ વરસાવશે તો ?

પૂર્ણ–હું એનો ઉપકાર માનીશ, કે મને થોડો પણ માર માર્યો નથી.

બુદ્ધ–ડંડાની તડાતડી થશે તો ?

પૂર્ણ–હું એમ માનીશ કે, મને જીવનથી મુક્ત તો નથી કર્યોને ?

બુદ્ધ–જીવન મુક્ત કરશે તો ?

પૂર્ણ–તોપણ હું સદા આનંદમાં રહીશ, કે મને ધર્મથી ભ્રષ્ટ કર્યો નથી ને.

અંતે શિષ્યનો અચળ નિશ્ચય જાણી ભગવાન બુધ્ધે પૂર્ણને અનાર્ય દેશમાં જવાની રજા આપી. સારાંશ એજ કે ધર્મનો ફેલાવો કરવા માટે ક્યાં સુધીની ક્ષમા ! સાચી ક્ષમાનું અજોડ ઉદાહરણ-

સુવર્ણ ગુલિકામાં મુગ્ધ બની અવંતી નગરીનો માલિક ચંડપ્રદ્યોત રાજા રાતોરાત ગુપ્તરીતે ચોરી કરીને સુવર્ણ ગુલિકાને ઉપાડી લાવ્યો. સવારે ખબર પડતાં ઉદાપિ રાજાએ તેને મેળવવા માટે મોટું યુદ્ધ કર્યું. ચંડપ્રદ્યોતને હરાવી કેદ કર્યો. પાછા વળતાં

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વર્ષા–ચાતુર્માસ નજીક આવવાથી રસ્તામાં પડાવ નાખ્યો. સંવત્સરીનો દિવસ આવ્યો. વૈરઝેર ખમાવ્યા સિવાય સાચું પ્રતિક્રમણ થાય નહિ. તેથી ક્ષમા માગવા ચંડપ્રદ્યોત પાસે જાય છે. ત્યાં ચંડપ્રદ્યોત કહે છે કે જ્યાં સુધી સુવર્ણ ગુલિકા ન આપો ત્યાં સુધી હૃદયથી સાચી ક્ષમાપના નહિ આપી શકાય. વૈરને મૂળમાંથી કાઢવા સાચું પ્રતિક્રમણ કરવા, અધુરી ક્ષમાપના પુરી કરવા સુવર્ણ ગુલિકાને પાછી આપે છે, અને સાચી ક્ષમાપના મેળવે છે. આનું નામ સાચી ક્ષમાપના.

સાધુ ભગવંતોને "ક્ષમા શ્રમણ" કહેવાય છે તેમાં જે "ક્ષમા" વિશેષણ શ્રમણ (સાધુ) ને આપવામાં આવ્યું છે. તે ક્ષમાગુણની વિશિષ્ટતા બતાવનાર છે.

ગૌતમબુદ્ધ એક સમયે પોતાના શિષ્યોનું જીવન નિર્મળ બનાવવા અનુપમ અમૃતરસના ઘુટડાનો સ્વાદ કરાવતાં કહે છે કે–હે ભિક્ષુઓ! તમે ગમે તેવા સંયોગોમાં પણ ક્ષમાની મૂર્તિ બનજો, જરાપણ ખિન્ન થશો નહિ, આ જીભડી કુવાકય ન ઉચ્ચારે તેનું તમે ધ્યાન રાખજો, ક્રોધીને પણ પ્રેમરસથી સ્નાન કરાવજો, પૃથ્વી જેવા ગંભીર બનજો જેમ પૃથ્વી સારી–નરસી દરેક વસ્તુનો સંગ્રહ કરે છે. તેમ તમે પણ હૃદયને વિશાળ બનાવી સર્વને સમાવી લેશો. તો તમે મારા શિષ્ય ખરા. ક્રોધરૂપી દાવાનળની પાછળ કોઈ પડશો નહિ, નહિ તો ક્રોડો વર્ષની કરેલી મહેનત બધી બાળી ભસ્મ કરી નાખશે.

એક મહાન તપસ્વી સાધુ ક્રોધને આધીન બન્યા, મિત્રની માફક આમંત્રણ આપ્યું, હૃદયમાં સ્થાન આપ્યું, આ નાની સરખી ભૂલથી ક્રોધના પ્રતાપે ચંડકૌશિક સર્પ થયા. જેને દેખે તેના પ્રાણ લીધે જ છુટકો, દુર્ગતિમાં જવાના દરવાજા ખુલ્લા કર્યાં, પરંતુ શ્રમણ ભગવંત મહાવીરનો ભેટો થયો, તેમના **બુજ્ઝ! બુજ્ઝ!** શબ્દથી પૂર્વભવનું સ્મરણ થયું, ક્રોધનાં કડવાં ફળ જાણી, સર્વપ્રત્યે ક્ષમા ધારણ કરી, પ્રાણાન્તે પ્રતિજ્ઞાનું પાલન કરવું, એવો નિશ્ચય કરી બીલમાં મુખ બહાર કાયા રાખી રહ્યો. પછી કોઈ પૂજન કરો, પત્થર મારો, લાઠી મારો શસ્ત્રથી કાપો, પણ ક્ષમા એટલે ક્ષમા. એજ ક્ષમાના પ્રતાપે ઘોર હિંસા કરનાર તિર્યંચ પણ આઠમા સહસ્રાર દેવ લોકમાં ઋદ્ધિમાન દેવ થયો.

તમે શું કરો?

તપ કર્યો હોય, અને બીજા દિવસે પારણાની પુરી તૈયારી જો ન હોય તો ધમાધમ કરી મુકો. તપનું ફળ ખાઈ જાઓ. અને ઉપરથી ગાડના ગોપી ચંદન બનો.

જ્યાં સુધી સાચી મૈત્રી નહિ થાય ત્યાં સુધી યુદ્ધના ભણકારા પણ નજર સમક્ષ રહેવાના. સાચી મૈત્રી થવાથી, અનિતિ, ચોરી, લુંટફાટ, મારામારી, આપઘાત, ખુન, દુર્ભિક્ષ, ભય, આપોઆપ પલાયન થઇ જશે. અને દરેકના જીવનમાં શાંતિ શાંતિ શાંતિ જ ઘર કરી બેસશે.

કુમારપાલ મહારાજાના રાજ્યમાં નામનિશાન ન હતું. કારણ એજ કે પોતાના અઢાર દેશમાં "મારી" શબ્દ બોલે તો પણ શિક્ષા થતી. સાતે વ્યસનો હિંસાનું કારણ જાણી, સાત માંટીનાં પુતળાં બનાવી મુખે મસી ચોપડી, ગધેડા પર બેસાડી ફૂટેલાં વાજીંત્ર વગાડતાં પાટણમાં ફેરવી દેશ નિકાલ કર્યાં હતાં. બાઇબલમાં ઇશુખ્રીસ્ત લખે છે કે મંદિરમાં નૈવેદ્ય ધરવા આવ્યા હો અને પગથીયાં પર ચડતાં યાદ આવે કે, મારે અમુક વ્યક્તિ સાથે અપરાધ થયેલો છે, તો ત્યાં ઓટલા પર જ નૈવેદ્ય મુકી, જેની સાથે વિરોધ થયો હોય, તેને ખમાવી પછીજ નૈવેદ્ય ધરાવે તો જ ઈશ્વિર પ્રસન્ન થાય.

ક્ષમા–પાંચ પ્રકારની છે (૧) ઉપકાર ક્ષમા (૨) અપકારક્ષમા (૩) વિપાકક્ષમા (૪) આજ્ઞાક્ષમા (૫) ધર્મક્ષમા. ઉપકાર ક્ષમા–ભૂતકાળમાં કોઇએ ઉપકાર કર્યો હોય, અને પછી તેના જ તરફથી કંઈ નુકશાન થાય. ત્યારે પૂર્વકાલનો ઉપકાર જાણી ક્ષમા ધારણ કરવી. આવી ક્ષમા કુતરા જેવા પ્રાણી પણ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



રાખે છે. મહોલ્લામાં રહેલાં કુતરાંની નાના બાળકો પુંછડી મરડે, હાથથી મુઠીઓ મારે, તો પણ કુતરાં શાંત રહે છે. તે સમજે છે કે મને અહિંથી રોટલો ખાવા મળ્યો હતો.

અપકારક્ષમા–ભવિષ્યમાં ઘણું નુકશાન જાણી ક્ષમા ધારણ કરવી. રસ્તામાં ચાલતાં ફોજદારની ભૂલથી ધક્કો લાગે, તે વખતે બોલે તો ભાવિમાં ઘણું નુકશાન થાય, તેથી આવેશને દબાવી ક્ષમા ધારણ કરે. અથવા ગમે તેવો તોફાની જે છેલ્લી કોટીના ગધેડા જેવાં પશુઓ પણ લાકડીવાળા માણસને દેખી ભાવિમાં મને મારશે એમ ધારી લાત નહિ મારતાં ક્ષમા ધારણ કરે છે.

વિપાકક્ષમા–ક્રોધ, કામ, વિરાધના આદિનું ફળ ઘણા દુઃખને આપનાર છે એમ ધારી ક્ષમા રાખે. નંદમણિનો જીવ દેડકો જાતિસ્મરણથી વિરાધના આદિ વડે હું ક્ષુદ્ર દેડકો થયો એમ જાણી ઘોડાના પગ નીચે દબાઈ ચગદાયો છતાં ક્રોધ નહિ કરતાં ક્ષમાને જ ધારણ કરી તેના પ્રતાપે ઋદ્ધિવાળો, ગૌતમસ્વામી જેવા ગણધરોને પણ આશ્ચર્ય ઉત્પન્ન કરાવનારી સાહ્યબીવાળો દુર્દરદેવ થયો.

આ ત્રણ પ્રકારની ક્ષમા તિર્યંચો પણ કરે છે. તેથી ઉત્તમ કોટીની છેલ્લી બે ક્ષમા છે.

આજ્ઞાક્ષમા–ભગવાનની આજ્ઞા છે, કે ક્રોધ કરવો નહિ, એમ ધારી ક્ષમા કરવી. ખંધકમુનિની ખાલ ઉતારી છતાં જિનેશ્વરની આજ્ઞા નજર સમક્ષ રાખી ક્ષમાધારણ કરી તેથી મોક્ષનગરમાં પહોંચી ગયા.

ધર્મક્ષમા–આત્માનો સ્વભાવિક ધર્મક્ષમા છે. તેથી કોઈપણ સંયોગમાં, કોઈપણ સમયે ક્રોધ ન કરતાં ક્ષમા જ ધારણ જ કરે.

ભગવાન મહાવીર અને અનેક આપત્તિઓ વેઠીને, ક્ષમા ધારણ કરી આત્માનો સ્વભાવિક ધર્મ ક્ષમા પ્રગટ કર્યો.

પ્રતિક્રમણમાં ૮૪ લાખ જીવોને ખમાવાની પ્રથા ઉત્તમ છે. પરંતુ સાચી ક્ષમાપના કોની સાથે ? પૃથ્વીકાયાદિ સ્થાવર–વિકલેન્દ્રિય–તથા પંચેન્દ્રિય તીર્યંચની પાસે તમો ક્ષમા માગો છો. પરંતુ તે પૃથ્વીકાયાદિ સમજી શકતા નથી. નારકીના જીવો નિરંતર તીવ્ર વેદનાનો ઉદય હોવાથી. અને દેવો ભોગસુખમાં આસક્ત હોવાથી સાંભળતા નથી.

ખરી ક્ષમાપના માનવ સાથે, તેમાં પણ ગાઢ પરિચયમાં આવેલાની સાથે.

પૈસાની લાલચથી અથવા પ્રમાદને લીધે પુત્ર–પુત્રી-સ્ત્રી બહેન વિગેરેને સંસ્કાર ન આપ્યા હોય, અને વિલાસી બનાવી જીવન હણી નાખ્યું હોય તો તેમની પાસે ક્ષમા યાચવી.

આવી ક્ષમા માગવામાં આવે તો ક્ષમાવીર બની પર્વની સફળતા માગી શકાય. આ પર્વ પોકારી પોકારીને કહે છે કે સૌની પાસે ક્ષમા માગ્યા પછી જ પ્રતિક્રમણ કરવા બેસજો. નહીં તો તરગાલા જેવું થશે.

તરગાલા જ્યારે નાટક ભજવે છે, ત્યારે પોતે રાજાધિરાજ પણ બની આનંદ માને છે, પણ નાટક પુરૂં થયા પછી ભિખારીના ભિખારી. તેવી રીતે પ્રતિક્રમણ કરતાં જગતમાં રહેલા સર્વ જીવોને ખમાવી આનંદ માનીયે અને પ્રતિક્રમણ પુરૂં થયા પછી તરગાલાની માફક વિરોધ, વૈરને વૈર ! ઝઘડા ને ઝઘડા !

છેલ્લી હાકલ મારી વિરમું છું કે ભલે અત્યાર સુધી તરગાલા જેવો વેશ ભજવ્યો, પણ હવે કોઈ તરગાલા જેવા બનશો નહિ. સર્વને સાચી ક્ષમાપના આપી, સાચું પ્રતિક્રમણ કરી સંવત્સરી પર્વ ઉજવશો ! એ જ અભ્યર્થના.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

( અનુસંધાન ટાયટલ ૩ નું ચાલુ )


| | | | |
|---|---|---|---|
| ૨૯ | પુષ્પ અને પરાગ | શ્રી રતિલાલ દી દેસાઈ | ૧૨૭ |
| ૩૦ | શ્રીમંત અને શ્રીમત્ત | શ્રી બાલચંદ હીરાચંદ | ૧૩૨ |
| ૩૧ | માનવતાવાદી સમાજવાદની આધારશીલા | અનુ. શ્રી હીંમતલાલ ર. યાજ્ઞિક | ૧૩૭ |
| ૩૨ | શ્રી મહાવીર પરમાત્માનું જીવન | શ્રી ફતેચંદ ઝવેરભાઈ | ૧૪૧ |
| ૩૩ | શ્રાવકપદનો અધિકારી કોણ? | શ્રી વાલજી ગોવીંદજી દેસાઈ | ૧૪૪ |
| ૩૪ | ચિંતન અને મનન | ...... | ૧૪૬ |
| ૩૫ | જ્ઞાનપંચમીની શુભ આરાધના ભાવો | મુનિશ્રી લક્ષ્મીસાગરજી | ૧૫૪ |
| ૩૬ | ધન્ય મુનિરાજ | શ્રી મનસુખલાલ તારાચંદ મહેતા | ૧૫૫ |
| ૩૭ | એનું નામ તે શ્રાવક | દેસાઇ વાલજી ગો. | ૧૫૮ |
| ૩૮ | ભય અને જય | શ્રી બાલચંદ હીરાચંદ | ૧૬૦ |
| ૩૯ | પ્રતિક્રમણ ક્યારે? | મુનિશ્રી ત્રિલોકસાગરજી | ૧૬૩ |


# અવસાન નોંધ

## શા બાલુભાઇ રૂગનાથ

તા. ૧૧-૧૦-૬૦ ને મંગળવાર, સંવત ૨૦૧૬ ના આસો વદ બીજી છઠ્ઠના રોજ ભાવનગર મુકામે શ્રી બાલુભાઈ ઉર્ફે નરોત્તમદાસ રૂગનાથના થયેલ અવસાનની ઘણી દીલગીરી સાથે અમો નોંધ લઇએ છીએ.

સ્વર્ગસ્થશ્રી બાલુભાઇ અત્રેની ઘણી સંસ્થાઓ સાથે સંકળાયેલા હતા અત્રેની ગંભીરવિજયજી સંસ્કૃત-પ્રાકૃત પાઠશાળામાં તેઓએ ઘણા વર્ષો સુધી સંસ્કૃત અધ્યાપક તરીકે કામ કર્યું હતું. અમો સ્વર્ગસ્થના આત્માને શાંતિ ઇચ્છીએ છીએ તેમજ તેમના અવસાનથી તેમના કુટુમ્બપર આવેલી આપત્તિ પ્રત્યે સમવેદના દર્શાવીએ છીએ.

## શાહ પ્રેમચંદ મોતીચંદ

સંવત ૨૦૧૬ના ભાદરવા વદી ૧૦ ગુરૂવાર, તા. ૧૫-૯-૬૦ ના રોજ ઓગણાએંશી વર્ષની વૃદ્ધવયે ભાઈશ્રી પ્રેમચંદ મોતીચંદ સ્વર્ગસ્થ થયેલ છે. તેઓ ધાર્મિકવૃત્તિવાળા હતા અને પોતાની પુણ્યસ્મૃતિ માટે તેઓ મોટી રકમની સખાવત કરતા ગયા છે. સભાના તેઓ આજીવન સભાસદ બન્યા હતા. તેમના સ્વર્ગવાસથી સભાને એક લાયક સભાસદની ખામી પડી છે, પરમાત્મા તેમના આત્માને પરમશાંતિ અર્પે તેમ ઇચ્છીયે છીયે,

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

## ગદ્ય વિભાગ.


| | | | |
|---|---|---|---|
| ૧ | નૂતન વર્ષનું મંગળવિધાન | પ્રકાશન સમિતિ. | ૪ |
| ૨ | આચારાંગ સૂત્ર | પં. દલસુખ માલવણીયા | ૭,૫૧ |
| ૩ | જ્ઞાન એ સહુથી પવિત્ર છે? | શ્રી બાલચંદ હીરાચંદ | ૯ |
| ૪ | શ્રી જૈન આત્માનંદ સભા ૬૧-૬૨ માં વર્ષનો રીપોર્ટ | મંત્રીઓ | ૧૩ |
| ૫ | વ્યક્તિગત આકર્ષણ શક્તિ | અનુ. શ્રી વી. મૂ. શાહ | ૩૧ |
| ૬ | પ્રભુની દિવ્ય વાણી | શ્રી સ્વરૂપચંદ હીરાચંદ ઝવેરી | ૩૪ |
| ૭ | સ્યાદ્વાદ પંચાશિકા | પં. શ્રી સુશીલવિજયજી ગણી | ૩૭ |
| ૮ | દાન | શ્રી કાન્તિ જે. મહેતા | ૪૧ |
| ૯ | કેટલીક સંગ્રહણી | પ્રો. શ્રી હીરાલાલ ર. કાપડીઆ | ૫૫ |
| ૧૦ | ચર્મચક્ષુ અને જ્ઞાનચક્ષુ | શ્રી બાલચંદ હીરાચંદ | ૬૮ |
| ૧૧ | પાંચમી અન્યત્વ ભાવના | મુનિશ્રી લક્ષ્મીસાગરજી | ૭૧ |
| ૧૨ | સોળ રોગ સંબંધી આગમિક ઉલ્લેખો | શ્રી હીરાલાલ ર. કાપડીઆ | ૭૩ |
| ૧૩ | મહાવીર જયંતી | ડો. રાધાકૃષ્ણન્ | ૭૯ |
| ૧૪ | મહાવીર-સમાનતાના પ્રતીક | શ્રી રિષભદાસ રાંકા | ૮૨ |
| ૧૫ | દ્રવ્યપૂજા અને આજનું વર્તન | સ્વ શ્રી મોહનલાલ દી. ચોકસી | ૮૫ |
| ૧૬ | 'હું'ની વ્યાપ્તિ | શ્રી બાલચંદ હીરાચંદ | ૮૭ |
| ૧૭ | વીરની અહિંસા | શ્રી 'રક્ત તેજ' | ૯૦ |
| ૧૮ | દ્રવ્યપૂજાના પ્રકારો | શ્રી મોહનલાલ દી. ચોકસી | ૯૫ |
| ૧૯ | અંધ શ્રધ્ધા ખોટી તેમ અંધ અશ્રધ્ધા પણ ખોટી | શ્રી બાલચંદ હીરાચંદ | ૯૮ |
| ૨૦ | કોન્ફરન્સના ૨૧ માં અધિવેશનના પ્રમુખશ્રીનું પોષણ | ...... | ૧૦૧ |
| ૨૧ | સુખી જીવનના સાધનો | શ્રી વી. મૂ. શાહ | ૧૦૭,૧૧૧ |
| ૨૨ | મહાન યોગી પ્રભુ મહાવીર | મુનિશ્રી લક્ષ્મીસાગરજી | ૧૧૦ |
| ૨૩ | જીવન અને તત્વજ્ઞાન | પ્રો. શ્રી જયંતીલાલ બી. દવે | ૧૧૪,૧૩૫ |
| ૨૪ | નિત્ય જન્મ મૃત્યુ | શ્રી બાલચંદ હીરાચંદ | ૧૧૮ |
| ૨૫ | માનવસંસ્કૃતિ અને મહાવીર | ડો. શ્રી દેવેન્દ્ર જૈન | ૧૨૧ |
| ૨૬ | સ્વપ્ન અને જાગૃતિ | શ્રી બાલચંદ હીરાચંદ | ૧૧૧ अ |
| ૨૭ | આડંબરી અતિરેક | સ્વ. શ્રી મોહનલાલ દીપચંદ | ૧૧૪ अ |
| ૨૮ | સદાચરણનું વ્યાપક સ્વરૂપ | મુનિશ્રી મહાપ્રભવિજયજી | ૧૧૬ अ |
| ૨૮ अ | જીવનમાં પ્રેમ | શ્રી પ્રણવ માટલીઆ | ૧૨૦ अ |


( અનુસંધાન પૃષ્ઠ ૧૬૬ ઉપર )

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

Reg. N.

# આપણું અહમ્

ઘણી વાર અહમ્ આપણા જીવનનું મધ્યબિંદુ બની જાય છે. મેં આ કર્યું, તે કર્યું; હું આ જાણું છું, એવું અભિમાન આપણે રાખીએ છીએ. આ અભિમાન ઉપર મર્યાદા મૂકવા કુદરતની શક્તિઓ સાથે આપણી શક્તિઓની તુલના કરવાનું જરૂરી છે. કોઈપણ ક્ષેત્રે સિદ્ધિ પ્રાપ્ત થતાં તેનાં કારણોમાં આપણે ઊંડા ઊતરીએ, તો એમ સમજાય કે કુદરત અનુકૂળ રહી એ સિદ્ધિ માટેનું મુખ્ય કારણ હતું. એ પછી પણ અનેક બળો આપણને એ સિદ્ધિ માટે સહાયરૂપ બન્યાં હશે. જો નમ્રતાપૂર્વક પૃથક્કરણ કરીને જોઈશું તો સમજાશે કે જે સિદ્ધિ માટે જગત વધુમાં વધુ આપણને યશ આપે છે તે સિદ્ધિ પ્રાપ્ત કરવામા આપણો હિસ્સો તો અલ્પ હોય છે. કુદરતે ને બીજા માનવોએ સરજેલા સંયોગોની સાથે આપણા પુરુષાર્થનું મિલન થાય અને તેમાંથી સિદ્ધિ નીપજે. તેનો આનંદ આપણે અનુભવીએ તેમાં ખોટું નથી.

અભિમાની માણસ સત્ય જોઈ કે સમજી શકતો નથી– એ અનેકને ત્રાસરૂપ બને છે. આ અભિમાનને તોડવા માટે કુદરતના બળો સાથે આપણી શક્તિઓની તુલના થાય અને આસપાસના સંયોગોની સાથે આપણા પુરુષાર્થની સરખામણી થાય એ ઇષ્ટ છે, પરંતુ તેનો અર્થ એવો નથી કે માનવીની શક્તિને આપણે ઓળખીએ નહિ. માનવી પણ કુદરતનું જ બાળક છે, તેનો જ અંશ છે. બિંદુમાં જેમ સિંધુનાં સઘળાં તત્ત્વો હોય છે ને સર્જનમાં જેમ સર્જકનું સત્ત્વ ઊતરે છે, તેમ માનવ અને કુદરતનું બને છે. માનવ જો એ સમજી લે કે એ કુદરતનો સ્વામી નથી પણ સંતાન છે, તો અભિમાનનો ભય ઊભો થાય નહિ. બહુ ઊંચે ચડવાનું કે નીચે પડવાનું પણ બને નહિ.

એસ. એસ. સી.ના
'ગુજરાતી'ના પ્રશ્નપત્રમાંથી

પ્રકાશક : ખીમચંદ ચાંપશી શાહ, શ્રી જૈન આત્માનંદ સભાવતી
મુદ્રક : હરિલાલ દેવચંદ શેઠ : : આનંદ પ્રિન્ટીંગ પ્રેસ : ભાવનગર.

For Private And Personal Use Only